
ખુશ રાજકુમાર

ઓસ્કાર વાઈલ્ડ



ખુશ રાજકુમાર



ઓસ્કાર વાઈલ્ડ







શહેરની મધ્યમાં, ખુશ રાજકુમારની પ્રતિમા એક ઊંચા સ્તંભ પર ઉભી હતી. તે પ્રતિમા સોનાથી મઢેલી હતી. તેની આંખો પર બે સુંદર નીલમ જડેલા હતા, અને તેની તલવારના મૂઠ પર એક મોટો લાલ માણેક ચમકતો હતો.






એક રાત્રે એક નાનું અબાબીલ પક્ષી ઉડીને આવ્યું. તેણે સ્તંભ પર ઊભેલી પ્રતિમા જોઈ. તે નીચે ઉતર્યું અને ખુશ રાજકુમારના પગ વચ્ચે બેસી ગયું.

"મારી પાસે સોનેરી બેડરૂમ છે,"એ મનમાં બોલ્યું અને સૂવાની તૈયારી કરી. પરંતુ જ્યારે તેણે પાંખથી માથું ઢાંક્યું, ત્યારે પાણીનું એક ટીપું તેના પર પડ્યું. પછી બીજું. જ્યારે ત્રીજું ટીપું પડ્યું, ત્યારે તેણે ઉપર જોયું.





ખુશ રાજકુમારની આંખો આંસુઓથી ભરાઈ ગઈ હતી, અને તેના સોનેરી ગાલ પરથી આંસુ વહેવા લાગ્યા હતા. ચાંદનીના પ્રકાશમાં તેનો ચહેરો એટલો સુંદર દેખાતો હતો કે નાના અબાબીલનું હૃદય દયાથી ભરાઈ ગયું.




" તું કોણ છે?" તેણે પૂછ્યું .

" હું ખુશ રાજકુમાર છું."

"તો પછી તું કેમ રડે છે?" અબાબીલે પૂછ્યું. "તું મને પહેલેથી જ ભીંજવી ચૂક્યો છે."

"જ્યારે હું જીવતો હતો અને મારી પાસે માનવ હૃદય હતું," મૂર્તિએ કહ્યું, " ત્યારે મને ખબર નહોતી કે દુઃખ શું છે. મારા દરબારીઓ મને ખુશ રાજકુમાર કહેતા. અને મારા મૃત્યુ પછી, તેઓએ મને અહીં મૂક્યો. મને એટલી ઊંચાઈ પર મૂકવામાં આવ્યો છે કે હું મારા શહેરના બધા લોકોથી ઉપર ઊભો રહી શકું છું. મારું હૃદય સીસાનું બનેલું હોવા છતાં, હું લોકોના દુઃખ જોઈ શકું છું. પણ હું મારા આંસુ રોકી શકતો નથી."





" ઘણે દૂર," પ્રતિમાએ આગળ કહ્યું, "એક ગરીબ માણસનું ઘર છે. એક નાનો છોકરો પથારીમાં બીમાર પડેલો છે. તે નારંગી માંગી રહ્યો છે. પણ તેની માતા પાસે તેને આપવા માટે નદીના પાણી સિવાય કંઈ નથી. તેથી જ તે રડી રહ્યો છે. અબાબીલ, શું તું મારી તલવારના મૂઠમાંથી માણેક નહીં લઈ જાય?"



"મારા મિત્રો ઇજિપ્તમાં મારી રાહ જોઈ રહ્યા છે," અબાબીલે કહ્યું. "મારા મિત્રો નાઇલ નદી પર ઉડાન ભરી રહ્યા છે અને કમળના ફૂલો સાથે વાતો કરી રહ્યા છે. ટૂંક સમયમાં તેઓ મહાન રાજાની સમાધિમાં સૂઈ જશે. રાજા પોતે ત્યાં એક રંગીન શબપેટીમાં છે. તેમના ગળામાં આછા લીલા રંગના જેડનો હાર છે. તેના હાથ સૂકા પાંદડા જેવા છે."

"અબાબીલ, નાની અબાબીલ," રાજકુમારે કહ્યું, "તું એક રાત મારી સાથે રહીને મારો સંદેશવાહક નહીં બને?"






ખુશ રાજકુમાર એટલો ઉદાસ દેખાતો હતો કે અબાબીલે પ્રતિમાની તલવારમાંથી માણેક લીધો અને તેને તેની ચાંચમાં પકડીને શહેરના ઘરો પર ઉડવા લાગી.

તે મહાન ચર્ચના શિખર પરથી પસાર થઈ, જેના પર દેવદૂતોની સફેદ આરસપહાણની મૂર્તિઓ હતી. તે નદી પાર કરી ગઈ.

તેણીએ જહાજના મિનારા પર લટકાવેલા ફાનસ જોયા. અંતે, તે ગરીબ માણસના ઘરે પહોંચી જ્યાં બીમાર છોકરો સૂતો હતો અને તેણે માણેક ટેબલ પર મૂકી દીધો.

પછી તે ખુશ રાજકુમાર પાસે ઉડીને પાછી આવી અને તેને કહ્યું કે તેણે શું કર્યું હતું. "કેટલું વિચિત્ર છે કે ખૂબ ઠંડી હોવા છતાં મને ગરમી લાગે છે," રાજકુમારે કહ્યું.





બીજા દિવસે, જ્યારે આકાશમાં ચંદ્ર દેખાયો, ત્યારે અબાબીલે ખુશ રાજકુમાર તરફ જોયું. "હું ઇજિપ્ત જઈ રહી છું," તેણે કહ્યું.

" અબાબીલ, નાની અબાબીલ," રાજકુમારે કહ્યું, "તું મારી સાથે એક રાત પણ નહીં રહે?"

"મારા મિત્રો ઇજિપ્તમાં મારી રાહ જોઈ રહ્યા છે," અબાબીલે કહ્યું. "ત્યાં, એક વિશાળ ગ્રેનાઈટ સિંહાસન પર, દેવ મેમનન બિરાજમાન છે. આખી રાત તે તારાઓ તરફ જોતો રહે છે, અને જ્યારે સવારનો તારો દેખાય છે, ત્યારે તે આનંદથી એક વાર બૂમ પાડે છે અને પછી ચૂપ થઈ જાય છે. બપોરના સમયે, જંગલના સિંહો પાણી પીવા માટે નદી કિનારે આવે છે."






"અબાબીલ, નાની અબાબીલ," રાજકુમારે કહ્યું, "હું શહેરમાં દૂર એક ઘરના ઓટલા પર એક યુવાનને જોઉં છું. તે થિયેટર માટે એક નાટક લખી રહ્યો છે. પણ તેને એટલી ઠંડી લાગી રહી છે કે તેના માટે તે પૂરું કરવું અશક્ય છે."

"હું તમારી સાથે ફક્ત એક રાત રહીશ," અબાબીલે ખૂબ જ દયાળુ થઈને કહ્યું. "શું હું બીજું માણેક લઈ શકું?"

"અરે! મારી પાસે હવે કોઈ માણેક નથી," રાજકુમારે કહ્યું. "મારી પાસે ફક્ત મારી આંખો જ બાકી છે. તે ભારતમાંથી આવેલા કિંમતી નીલમથી બનેલી છે. એક પસંદ કરો અને તે યુવાન પાસે લઈ જાઓ."

"મારા પ્રિય રાજકુમાર," અબાબીલે કહ્યું. "હું તે કરી શકતી નથી." અને તે રડવા લાગી.





" અબાબીલ, નાની અબાબીલ," રાજકુમારે કહ્યું, "હું જેમ કહું તેમ કર."

તેથી અબાબીલે પ્રતિમાની એક આંખમાંથી નીલમ કાઢી લીધું અને યુવાનના ઓટલા તરફ ઉડી ગયું. જ્યારે તે યુવાને માથું ઊંચું કર્યું, ત્યારે તેણે તેના ટેબલ પર એક નીલમ જોયું.




"હવે મારે તને વિદાય આપવી પડશે," આગલી રાત્રે જ્યારે ચંદ્ર ફરીથી દેખાયો ત્યારે અબાબીલે બૂમ પાડીને કહ્યું. "હું ઇજિપ્ત જઈ રહી છું!"

"અબાબીલ, નાની અબાબીલ," રાજકુમારે કહ્યું, "તું મારી સાથે એક રાત પણ નહીં રહે?"

"શિયાળો છે," અબાબીલે જવાબ આપ્યો, "અને ટૂંક સમયમાં અહીં બરફ પડશે. ઇજિપ્તમાં તાડના ઝાડ પર સૂર્ય ગરમ છે, અને મગરો કાદવમાં સૂઈ રહ્યા છે, ગતિહીન આસપાસ જોઈ રહ્યા છે. મારા પ્રિય રાજકુમાર, મારે તમને છોડી ને જવું જ પડશે. પણ આવતા વસંતમાં હું તમારે માટે બે સુંદર રત્નો લાવીશ."







"નીચે ચાર રસ્તા પર," ખુશ રાજકુમારે કહ્યું, "એક નાની છોકરી બાકસ વેચી રહી છે. તેના બધા બાકસ ગટરમાં પડી ગયા છે. તેની પાસે મોજાં કે જૂતા નથી, અને તેનું માથું પણ ઢંકાયેલું નથી. મારી બીજી આંખમાંથી નીલમ લઈ જા અને તેને આપી દે."

"હું હજી એક રાત તારી સાથે રહીશ," અબાબીલે કહ્યું, "પણ હું તારી આંખમાંથી નીલમ કાઢી શકતી નથી, કારણ કે તું સાવ આંધળો થઈ જઈશ."

"હું તને કહું તેમ કર."

તેથી અબાબીલે રાજકુમારની બીજી આંખમાંથી નીલમ લીધો અને ઝડપથી છોકરી પાસે ગઈ અને નીલમને તેની હથેળીમાં મૂક્યો.

પછી અબાબીલ રાજકુમાર પાસે પાછી આવી. "હવે તું સંપૂર્ણપણે આંધળો છે," તેણે કહ્યું, "તેથી હું હંમેશા તારી સાથે રહીશ."







બીજા દિવસે તે રાજકુમારના ખભા પર બેઠી અને તેને અજાણ્યા સ્થળોએ જે જોયું હતું તેની વાર્તાઓ કહી. તેણે તેને લાલચટક આઇબિસ વિશે કહ્યું જે નાઇલ નદીના કિનારે માછલી પકડવા માટે લાઇનમાં ઉભા રહેતા હતા.

તાડના ઝાડ પર ચઢતા વિશાળ લીલા સાપ વિશે કહ્યું.





સ્ફિન્ક્સ વિશે કહ્યું જે રણમાં રહે છે અને બધું જાણે છે અને દુનિયા જેટલા જૂના છે.

તે ચંદ્રના પર્વતોના રાજા વિશે કહે છે, જે આબનૂસ જેવો કાળો છે અને મોટા હીરાની પૂજા કરે છે.



" પ્રિય નાનું અબાબીલ," રાજકુમારે કહ્યું, "તેં મને અદ્ભુત રહસ્યો કહ્યા છે . પણ કમનસીબે કોઈ મોટા રહસ્યો નથી. નાનું અબાબીલ, મારા શહેર ઉપર ઉડાન ભર અને મને કહે કે તું ત્યાં શું જુએ છે."

અબાબીલે મહાન શહેરની પરિક્રમા કરી અને જોયું શ્રીમંતો પોતાના સુંદર ઘરોમાં ઉજવણી કરી રહ્યા હતા, જ્યારે ગરીબો પોતાના દરવાજાની બહાર બેઠા હતા. તે ઉડીને રાજકુમાર પાસે પાછી આવી અને તેણે જે કંઈ જોયું હતું એના વિષે કહ્યું.







"હું સોનાના પડથી ઢંકાયેલો છું," રાજકુમારે કહ્યું. "તારે તેનું એક પછી એક સ્તર ઉતારીને ગરીબોને આપી દેવું જોઈએ."

એક એક કરીને સોનાની વરખ અબાબીલ ઉતારતી ગઈ, જ્યાં સુધી હેપ્પી પ્રિન્સ ભૂખરો અને નિસ્તેજ ન દેખાયો. એક પછી એક, તે સોનાના ટુકડા ગરીબ લોકો પાસે લઈ ગઈ. બાળકોના ચહેરા ચમકી ગયા, અને તેઓ શેરીઓમાં હસવા અને રમવા લાગ્યા.





પછી બરફ પડવા લાગ્યો, અને તેની સાથે કડકડતી ઠંડી પણ આવી. બધાએ ફર (રુવાંટીવાળા કપડાં) પહેરવાનું શરૂ કર્યું. નાના છોકરાઓ, તેજસ્વી લાલ ટોપીઓ પહેરીને, બરફ પર સ્કેટિંગ કરવા લાગ્યા.

બિચારી અબાબીલ ઠંડીમાં ઠુંઠવાતી રહી, પણ તે રાજકુમારને છોડવા માંગતી ન હતી. તે તેને ખૂબ પ્રેમ કરતી હતી.

પણ અંતે તેને સમજાયું કે તેનું મૃત્યુ નજીક છે. "ગુડબાય, પ્રિય રાજકુમાર!" તેણે ગણગણાટ કર્યો. તેણે ખુશ રાજકુમારને ગળે લગાવ્યો અને તેના પગે પડી. તે મરી ગઈ હતી.

તે જ ક્ષણે, પ્રતિમાની અંદરથી એક વિચિત્ર તિરાડ પડવાનો અવાજ આવ્યો. તેનું સીસાનું હૃદય બે ટુકડામાં વિભાજીત થઈ ગયું હતું. ઠંડી ભયાનક હતી.





બીજા દિવસે સવારે મેયર તેના કાઉન્સિલરો સાથે ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા. "હે ભગવાન! ખુશ રાજકુમાર કેટલો ગરીબ દેખાય છે!" તેણે કહ્યું. "અને તેના પગ પાસે એક મૃત પક્ષી છે!" તેણે ઉમેર્યું. "આપણે એવો આદેશ જારી કરવો જોઈએ કે પક્ષીઓને અહીં મરવાની મંજૂરી ન હોય."

તેમણે ખુશ રાજકુમારની મૂર્તિ તોડી નાખી. પછી તેઓએ તેને ભઠ્ઠીમાં ઓગાળી દીધી. પણ મૂર્તિનું તૂટેલું હૃદય ઓગળ્યું નહીં. તેથી તેઓએ તેને માટીના ઢગલામાં ત્યાં ફેંકી દીધું જ્યાં મૃત અબાબીલ પડ્યું હતું.







"આ શહેરની બે સૌથી મૂલ્યવાન વસ્તુઓ મારે માટે લાવો," ભગવાને પોતાના એક દૂતને કહ્યું. દેવદૂત એક તૂટેલું સીસાવાળું હૃદય અને એક મૃત પક્ષી લાવ્યો.

"તમે સાચો નિર્ણય લીધો છે," ભગવાને દેવદૂતને કહ્યું. "આ નાનું પક્ષી મારા સ્વર્ગના બગીચામાં ગાશે, અને ખુશ રાજકુમાર ત્યાં હંમેશા રહેશે."



સમાપ્ત

